ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તા ફેલાવવા સિવાય, બીજું કંઈ કામ નથી !*
*ને ચૂંટણીઓ સિવાય તો - બીજું કંઈ કામ નથી...*
*બીજું કૈં કામ નથી - આપસી ચારિત્ર્ય હનન ને -*
*પ્રચાર લીલા સિવાય તો બીજું કંઈ કામ નથી*
*(વડાપ્રધાનશ્રી - કમ, મુખ્ય પ્રચારક)*

### હાઈકુ

*બરફવર્ષા -*
*ને છવાયું ધૂમ્મસ -*
*'વિકાસ' માર્ગે...*
*(અવરોધ!!)*

*વિરોધ પક્ષો -*
*'સમયપત્ર' જેમ -*
*વેરવિખેર...*
*(કોઈ સીમ - કોઈ ગામ ભણી)*

### ચિંતન

**દોષેણ તીવ્રો વિષયઃ કૃષ્ણસર્પવિષાદપિ ।**
**વિષ નિહન્તિ ભોક્તારં દ્રષ્ટારં ચક્ષુષાપ્યયમ્ ॥**

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

વિષય કાળા સાપના વિષ કરતાંયે તીવ્રતર દોષ ધરાવે છે. વિષખાનારાઓ હણે છે. પરંતુ આ વિષયદોષ આંખની જોનારને પણ હણે છે. વિષય વાસના ખૂબ ખરાબ દોષ છે આજકાલ જે દુષ્કર્મો વધતા જાય છે તેનું કારણ આ વિષયવાસના બેકાબૂ બની છે. તે છે ખાણીપીણી, પહેરવેશ, ખરાબ સંગત, ફિલ્મ-ટીવી-પોર્ન વીડિયો માણસના મનને બહેકાવે છે અને સંયમ બેકાબૂ બની જાય છે. વાસનાનો ભરડો સંસ્કાર અને સમજશક્તિને ગળી જાય છે. પરિણામે અને અંતનો વિચાર કરતા નથી. પરિણામે 'ફાંસી'ને માચડે લટકવું પડે છે.

### સુવિચાર

- ક્રોધિત વ્યક્તિ તો આંખો હોવા છતાં અંધ છે - **ઝેન કથન**
- નિષ્ફળતાથી ગભરાયા વિના, પુરુષાર્થને પકડી રાખનારના ખોળામાં સફળતા જાતે આવીને બેસે છે - **ભારવિ**
- શત્રુ પંડિત હોય તો તે સારો, પરંતુ મૂર્ખ હિતકારી હોય તો પણ ખરાબ છે - **ચાણક્ય**
- આ સંસારમાં એવું કોઈ નથી, જે સહન કરવાની શક્તિ પ્રકૃતિએ માણસને આપી ન હોય - **જનકલ્યાણ**
- 'ટીકા' લુચ્ચા ચિત્તા ને કંઈ જ કહેતી નથી અને નિર્બળ પારેવા ઉપર તૂટી પડે છે - **મલેશિયન કહેવત**
- સ્વયંને ખુશ રાખવા ઈચ્છતા હો તો સ્વયંને ભૂલી જાઓ - **સંત રોબિન**
- આજનું ઔષધ : બાળકોને ઉલટી થતી હોય ત્યારે બે મીલી તુલસીના રસમાં સાકર મેળવી આપવાથી ઉલટી થતી રોકાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બુદ્ધે પુછ્યું : 'જગતમાં સૌથી તીક્ષ્ણ વસ્તુ કઈ છે ?' શિષ્યે કહ્યું : તલવાર. બુદ્ધે કહ્યું : માણસની જીભ સૌથી તીક્ષ્ણ છે. એ જીભ દ્વારા માણસ સહેલાઈથી બીજાની લાગણીની હત્યા કરે છે, દિલ તોડી નાખે છે. બુદ્ધ : 'આપણાથી સૌથી દૂરની વસ્તુ કઈ છે ?' શિષ્ય કહે : 'આકાશ, સૂર્ય, તારા.' બુદ્ધ : ભૂતકાળ સૌથી દૂર છે, તમારી ગમે તેવી હેસિયત હોય, તમે ભૂતકાળમાં પાછા ફરી શકતા નથી, આથી વર્તમાનનો - આજનો અને આવનારા દિવસોનો ડહાપણપૂર્વક ઉપયોગ કરો. બુદ્ધ : 'આ જગતમાં સૌથી મોટી વસ્તુ કઈ છે ?' શિષ્યો : 'પર્વત, પૃથ્વી કે સૂરજ'. બુદ્ધ : 'લાલસા સૌથી મોટી છે આથી લાલસાથી ચેતો !!' બુદ્ધ : દુનિયામાં સૌથી વજનદાર શું છે ? શિષ્યો : 'લોખંડ.. હાથી...' બુદ્ધ : 'સૌથી વજનદાર કે મુશ્કેલ તો છે વચન આપવું અને એને પાળવું.' બુદ્ધ : 'વિશ્વમાં સૌથી હળવું શું છે ?' શિષ્યો : 'પવન, ધૂળ... વૃક્ષના પર્ણ' બુદ્ધ : પોતાના મૂળને ભૂલીને એને ત્યજી દેવું એ સૌથી હળવી બાબત છે. બુદ્ધ : 'સૌથી નિકટ શું છે ?' શિષ્ય : 'મા, બાપ, મિત્રો, સગા-વ્હાલાં.' બુદ્ધ : 'સૌથી નજીક મોત છે, કારણ કે એ નિશ્ચિત જ છે ને તે કોઈ પણ ક્ષણે આવી શકે.'

# મૃત્યુદંડ અને અભયદાન : સંસ્કૃતિનાં સામસામાં ધ્રુવબિંદુ

**તંત્રીસ્થાનેથી...**

જયારે પણ કોઈ 'રેરેસ્ટ ઑફ રેર' - અર્થાત ખૂબ જ જઘન્ય અપરાધ કરી બેસે ત્યારે આપણી ન્યાયપાલિકા એને મૃત્યુદંડ ફરમાવે છે. જો કે અદાલત મૃત્યુદંડ ફરમાવે તો પછી આપણી ન્યાયપદ્ધતિ એવી આંટીઘૂંટીવાળી જોગવાઈઓ છે કે એવા ગુનેગારને વર્ષો સુધી જીવતા રહેવાની તક સાંપડે છે. કયારેક રાજકીય અને સામાજિક દબાણ હેઠળ આવા ગુનેગારનો મૃત્યુદંડ આજીવન કારાવાસમાં ફેરવાઈ જતો હોય છે. ભુલ્લર જેવા અઠંગ આતંકવાદીનો કિસ્સો ખૂબ જાણીતો છે. શીખોની ધર્મસંસ્થાઓ અને રાજનેતાઓએ એના મૃત્યુદંડને આજીવન કારાવાસમાં ફેરવી દેવામાં સફળતા મેળવી હતી. અફઝલ ગુરુને બચાવવા પણ ઘણા પ્રયાસો થયા હતા પરંતુ એને આખરે ફાંસીના માંચડે લટકાવી દેવાયો હતો. છેક સર્વોચ્ચ અદાલતના ચુકાદા અને એના પછીની ક્યુરેટિવ પિટીશનો પછી પણ મૃત્યુદંડ પામેલ ગુનેગાર માટે છેલ્લે રાષ્ટ્રપતિને દયાની અરજી - મર્સી પિટીશન કરવાની તક રહે જ છે. આ તમામ વૈકલ્પિક ઉપાયો અજમાવી ફાંસીની સજા સંભળાવાયેલ ગુનેગારો જીવતા રહેવાનાં ફાંફાં મારતા રહે છે. જો કે આ રીતે જીવવું એ એક વાર ફાંસીના ફંદે લટકી મરી જવા કરતાં ઘણું વધારે પીડાદાયક જ બની રહેતું હોય, છતાં મરવા કરતાં જીવવું જ હર કોઈને ગમતું હોય છે એટલે કાનૂનવિદો પણ જઘન્ય ગુનેગારો સુધ્ધાં માટે છેલ્લે સુધી કાયદાની આંટીઘૂંટીનો લાભ ઉપલબ્ધ કરાવતા રહે છે. દેશ આખો દિલ્હીના નિર્ભયા રેપકાંડ પ્રસંગે રસ્તા પર ઊતરી આવેલો અને આવા ક્રૂર લોકોને વહેલામાં વહેલી તકે ફાંસી પર ચડાવી દેવાની તો વળી કોઈએ એમનાં જનનાંગ કાપી નાખવાની સજા કરવાની માગણી કરેલી. સાત વરસનાં વહાણાં વાઈ ગયા પછી અને અદાલતમાંથી ડેથ વોરંટ નીકળી ગયા પછી પણ નિર્ભયાના હત્યારાઓને હજી બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. એક તરફ કાનૂનવિદો ક્યુરેટિવ પિટીશનો અને રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અજી કરાવી આ સજા પાછી ઠેલી રહ્યા છે તો બીજી તરફ ઈંદિરા જયસિંહ જેવાં દેશનાં અતિપ્રતિષ્ઠિત ન્યાયવિદ માનવતાના ધોરણે મૃત્યુદંડનો વિરોધ કરી રહ્યાં છે. નિર્ભયાની માતા આશા દેવીને એક ગુનેગારની માતાએ પગે પડીને પોતાના ગુનેગાર દીકરાને જીવનદાન આપવા વિનંતી કરી હતી. ઈંદિરા જયસિંહે આશાદેવીને મન મોટું રાખી ગુનેગારોને માફ કરી દેવા અપીલ કરતાં કેસ ફરી એક વાર મૃત્યુદંડના વજૂદ પર આવીને ઊભો છે. ક્રૂરતાપૂર્વક સામૂહિક બળાત્કાર કરી જનનાંગમાં લોખંડનો સળિયો ઘુસાડી દેનારા જુવેનાઈલ ગુનેગારને તો કાયદાની છટકબારીનો લાભ મળી ગયો અને એ સુધારાગૃહમાં ત્રણ વર્ષ રહી મુક્ત પણ થઈ ગયો. એક ગુનેગાર તિહાડમાં જ ફાંસો ખાઈ આત્મહત્યાકરી લીધી. હવે બાકી રહેલા ચાર ગુનેગારો વારાફરતી ક્યુરેટિવ પિટીશનો અને રાષ્ટ્રપતિને દયાની અરજીવાળી છટકબારીઓનો ઉપયોગ કરી જિંદગી લંબાવી રહ્યા છે તે આશા દેવીને પોતાની દિવંગત દીકરી સાથે થઈ રહેલી ક્રૂર મજાક જેવું લાગી રહ્યું છે. ઓછામાં પૂરું વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને માનવતાનાં મેરુ સમાં ઈંદિરા જયસિંહે અપીલ કરીને એમનો મૃત્યુદંડ માફ કરવાની માગણી કરતાં આશાદેવી છંછેડાયા છે. ઈંદિરા જયસિંહે રાજીવ ગાંધીના હત્યારાઓને સોનિયા ગાંધી અને પ્રિયંકાએ ઉદારતાપૂર્વક ક્ષમા કરી દીધા હતા એ ઉદાહરણ ટાંક્યું છે. મરેલી નિર્ભયા એના અપરાધીઓને ફાંસી થઈ જવાથી જીવતી થવાની નથી, એ વાત સાચી. પરંતુ આ રીતે અપરાધીઓ પ્રત્યે કરુણા દર્શાવવા જતાં આવા ગુના કરનારા વધુ બેફામ બની જશે, એવી દલીલ પણ નકારી શકાય એમ નથી. આશાદેવી અને એમના પતિએ ઈંદિરા જયસિંહની સલાહનો સખત શબ્દોમાં પ્રતિકાર કર્યો છે. એમને એમ પણ કહ્યું છે કે અમારું દિલ સોનિયા ગાંધીના દિલ જેવું મોટું નથી. અમે તો આ ક્રૂર અપરાધીઓને ફાંસી થશે તો જ અમારી દીકરીના આત્માના શાંતિ વળશે એમ માનીએ છીએ. દુનિયાભરમાં મૃત્યુદંડ મુદ્દે તદ્દન સામાસામા અભિપ્રાયો પ્રવર્તે છે. સુસંસ્કૃત પ્રજા માણસે ગમે તેવો જઘન્ય અપરાધ કર્યો હોય તો પણ અપરાધીને મૃત્યુદંડ આપવામાં માનતી નથી. ઈસ્લામિક કાયદો તત્કાળ મૃત્યુદંડમાં માને છે. આપણે પણ છીએ તો અહિંસાના જ પૂજારી, છતાં અહિંસાના નામે આખી જિંદગી ધૂણી ધખાવનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારાને પણ સરકારે ફાંસી તો આપી જ હતી.

## ઓનલાઈન ખરીદી અંગે નવા નિયમો, કાયદા અમલમાં મુકાશે, નવા નિયમો, કાયદા બનાવવા, તેનો અમલ કરવો એ સમયની માંગ છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ટેકનોલોજીના અતિક્રમણના કારણે તમામ પ્રોડકટનું વેચાણ ઓનલાઈન વધી ગયું છે. ગ્રાહકને તમામ વસ્તુ મોબાઈલની એક કિલક ઉપર ઘરે બેઠા મળતી હોય ત્યારે ગ્રાહકો ટ્રાફિક તથા સમયની હાલાકી વેઠી બજાર સુધી જવા તૈયાર નથી. આનો ભરપર ફાયદો ઓનલાઈન પ્રોડકટ વેચતી કંપની ઉઠાવી રહી છે. જેમાં કેટલીકવાર ગ્રાહકો સાથે છેતરપીંડી પણ આચરવામાં આવે છે. ઘણીવાર ગુણવત્તા કે કવોલીટી માટે ફરીયાદો ઉઠવા પામે છે. ગ્રાહકો તેમણે ચુકવેલ નાણા પરત મેળવવા હક્કદાર છે. આવા નાણા ૧૪ દિવસમાં ગ્રાહકોને પરત કરવાનો નિયમ છે પરંતુ દરેક કંપની આ નિયમ પાળતી નથી અને ગ્રાહકોના નાણા પડાવી લે છે હવેથી નાણા ફરજીયાત પરત કરવાના રહેશે અને નાણા પરત ના કરનાર કંપની સામે કડક પગલા લેવાની જોગવાઈ ઈકોમર્સ ગાઈડલાઈનમાં સમાવવામાં આવી છે. ઓનલાઈન વેચાણ માટેની કાયદાકીય કાર્યવાહી કરવાની સાથે તેના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. હવેથી માલનો સપ્લાય કરનારી કંપનીઓની વિગતો પણ ઓનલાઈન મુકવી પડશે તેમજ ઓનલાઈન વેચાણ અંગેની ફરીયાદ કરવી હોય તો કોને? અને કેવી રીતે કરવી તેની તમામ વિગતો કંપનીની વેબસાઈડ કે વેબ પોર્ટલ પર ડિસપ્લે કરવી પડશે.

સરકાર દ્વારા ઈકોમર્સ માટે નવા કાયદા તૈયાર કરવામાં આવ્યા છે. જેને જન જન સધી પહોંચાડવાનું કાર્ય પણ સરકાર કરશે. ગાઈડલાયન્સનું પાલન કંપનીઓ નિષ્ઠાથી કરી રહ્યા હોવાનું સેલ્ફ ડિકલેરેશન ફરજીયાત બનાવવામાં આવી રહ્યું છે. આ સીસ્ટમ જાન્યુઆરી મહિનાથી તમામ કંપનીઓ માટે અમલમાં મુકાશે હવેથી રીટેઈલર્સને બદલે ઈ ટેઈલર્સ તરીકે ઓળખવામાં આવશે. દેશના તમામ સંસદ સભ્યને પણ આ ગાઈડલાઈન તૈયાર કરીને માહિતી જન જન સુધી પહોંચાડવા માટે મદદ લેવામાં આવશે અને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

ગ્રાહકની અંગત ઓળખને લગતા ડેટા ઓનલાઈન વેચાણ કરતી કંપનીમાં સુરક્ષીત રહે તે માટે પણ પગલા લેવાનું ઈકોમર્સ માટેની ગાઈડલાયન્સમાં સૂચવવામાં આવ્યું છે. સભંવતઃ તેમાં ઓનલાઈન રીટેઈલર્સ તથા વેચાણ કરતા વચ્ચેની ખોટી તીવ્ર હરીફાઈ ના થાય તેની પણ જોગવાઈઓ રાખવામાં આવી છે.

નવા નિયમોથી રીટેઈલર્સ ટ્રેડર્સનો ઉત્સાહ વધેલ છે તથા ગ્રાહકોનો ભરોસો પણ સંપાદન થશે. તેનાથી વેચાણમાં વૃધ્ધી થશે. કંપનીઓએ હોલસેલર્સ અને રીટેઈલર્સને હાની ના પહોંચે તે રીતે મોલને સીધો સપ્લાય કરવા લાગતા રીટેઈલર્સ, હોલસેલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ સ્પર્ધામાંથી ખસી જાય અને તેમના ધધાપાણી સાવ જ ખતમ થઈ જાય તેવી નિતી અપનાવી હોવાનું હોલસેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ એસોશીએસનું માનવું છે. આ બાબતે પણ એસોશીએસનને નિયમોમાં ફેરફાર કરવા સરકારને જણાવ્યું છે. જેમાં પણ સુધારા વધારા થવાનો અવકાશ છે દેશના પશ્ચિમ ઝોનના દરેક રાજય એટલે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવા તથા ગુજરાતના સમગ્ર વેપારીઓ નિયમ સામે લડત ચલાવી રહ્યા છે. રીટેલર્સના અસ્તીત્વ માટેની આ લડાઈ માનવામાં આવી રહી છે.

હાલમાં હોલસેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર અને રીટેઈલર્સને કંપનીઓ સીધો મોલ માલીકોને સપ્લાય કરતા તેમનો માલ સસ્તામાં મળતા સ્થાનિક વેપારીઓનું બજાર બંધ થઈ ગયેલ છે. મોલ માલીકોને સીધાં સપ્લાયને કારણે લેવલ પ્લેવીંગ ફિલ્ડ મળતા વેપારીઓ રીટેઈલર્સ દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ભારતમાં દર ત્રણ સેંકડે એક ઈન્ટરનેટ વપરાશ કરતા વધી રહ્યો છે. સ્માર્ટ ફોનના કારણે ગામડાઓના વિસ્તારોમાં પણ ઓન લાઈન ટ્રેડ કુદકેને ભુસકે વધી રહ્યો છે જેમાં દરેક કંપનીઓ ગેરલાભ પણ ઉઠાવી રહી છે. અધુરી વિગતો આપી વેબસાઈડ ઉપર તથા ગેરકાયદેસર વેબ સાઈડ ઉપરથી ઓનલાઈન ખરીદી ટાળવી જોઈએ.

ઓનલાઈન ટ્રેડ ૨૦૨૫ સુધીમાં ૨૩૦ અબજ ડોલરનો

**અનુસંધાન પાના નં ૭ પર**

# જીવનશૈલીને નિયમિત બનાવી, સ્વાસ્થ્યને સારું જાળવી શકીએ

**જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,**
**ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.**
**જીવવું છે ઝૂરવુ છે, ઝૂઝવું છે જાને મન !**
**થોડી અદાઓ ફાંકડી, થોડી ફિતૂરી રાખવી.'**
**- વેણીભાઈ પુરોહિત**

આજના આ યુગમાં દરેકને સદાય સુંદર અને યુવાન રહેવું છે અને આ માટે અનેક વસ્તુઓ - પ્રોડક્ટ્સ પણ બજારમાં મળતી થઈ છે. પણ ખરેખર શારીરિક સ્વાસ્થ્ય તેમજ માનસિક રીતે આનંદમાં રહેવાથી જ આ પ્રકારની સુંદરતા અને યૌવનને જાળવી શકાય છે! ઘણીવાર બહારથી સ્વસ્થ જણાતી વ્યક્તિ મનમાં અનેક વિકૃતિઓથી ખદબદી રહી હોય તેમ બને છે! વહેલી-મોડી આ પ્રકારની માનસિક બિમારીની અસર શરીર અને ચહેરાની સુંદરતાને અને યૌવનને નષ્ટ કરી જ દે છે. સ્વાસ્થ્ય સારું અને એકધારું રહે તે માટે તનની સાથે મનનું સ્વાસ્થ્ય જાળવવું પણ એટલું જ મહત્ત્વનું છે. આ ઉપરાંત આધ્યાત્મિક અવસ્થા પણ આમાં એક ખૂબ મહત્વનું પાસું છે.

આપણી શારીરિક અવસ્થાને સાચવવા માટે આપણી રોગપ્રતિકારક શક્તિ વધુ મજબૂત રહે તે અગત્યનું છે. આજે ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણમાં પણ પ્રદૂષણ વધી ગયું છે; કુદરતનું સંતુલન પણ થોડું ખોરવાયું જ છે. ખાદ્ય પદાર્થોનું અને ખાણી-પીણીના માર્કેટમાં પણ ભેળસેળનું પ્રમાણ વધ્યું છે. આ તમામ પરીબળો ભેગા મળીને આપણા શરીર પર જયારે હુમલો કરે ત્યારે જો રોગપ્રતિકારક શક્તિ આપણામાં સારી એવી સંચિત હોય તો અન્યના



પ્રમાણમાં આપણી શારીરિક અવસ્થાને ઓછું નુકશાન થાય.

શ્રી વિવેક બાંઠિયા લખે છે તેમ, ''આધુનિક ચિકિત્સા પદ્ધતિ દવાઓ દ્વારા રોગનાં લક્ષણોમાંથી તુરત રાહત અપાવે છે. રોગનાં લક્ષણોમાંથી છુટકારો મેળવવા માટેભાગે દવાઓ દ્વારા તેમને દબાવી દેવામાં આવે છે. આપણે એ ભૂલી ગયા છીએ કે રોગોનાં લક્ષણ તો આપણી અંદરની અસ્વસ્થતાના સંકેત માત્ર છે. તે સંકેતને સમજ્યા વિના દવા મારફત તેનાથી દૂર ભાગીને રોગને જટિલ તેમજ અસાધ્ય બનાવી રહ્યા છીએ.''



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

આજના મોટાભાગના રોગ મુખ્યત્વે Life style એટલે કે જીવનશૈલીના કારણે થતા હોય છે. આપણે બધા જો પોતપોતાની જીવનશૈલીને થોડી વધુ, યોગ્ય અને નિયમિત બનાવી શકીએ તો સ્વાસ્થ્યને વધુ સારી રીતે જાળવી શકીશું. બેદરકારી અને અનિયમિતતાને ખંખેરી શરીર પ્રત્યે વધુ સજાગ બનવાની જરૂર છે. ભૌતિકવાદમાં ગળાડૂબ એવા આપણે પ્રકૃતિ સાથેનું અનુસંધાન એકવાર ફરી સાધી શકીએ અને પ્રકૃતિથી વધુ નજીક જતા થઈએ તો શરીરની સાથોસાથ મનને પણ સ્વસ્થ રાખી શકીશું.

દરેક વ્યક્તિ આજે વધુ કમાવવાની દોડમાં ખૂંપી ગયેલો છે પરંતુ આની જોડે જો પ્રકૃતિ સાથેનું જોડાણ જાળવી શકાય તેમજ આધ્યાત્મિક રીતે પણ મનને સંતુલિત રાખી શકય તો Overall સ્વાસ્થ્ય સારું જ રહેશે. જીવનનિર્વાહ માટે જરૂરી બાબતો અને કામો કરવાની સાથે સાથે મનગમતા એકાદ-બે કામ કરવાનો સમય જો નિયમિતપણે ફાળવી શકીએ તો તન-મનની તંદુરસ્તી જળવાઈ રહેશે તેમ જ ચહેરા પર પણ તેનું તેજ અને કાંત છલકાયા કરશે! ઈર્ષ્યા, ઉદ્વેગ અને નેગેટીવ વિચારોથી પોતાની જાતને બચાવીને રહીશું તો આપોઆપ માનસિક સ્વાસ્થ્ય સારું જ રહેશે. સમાજ, પર્યાવરણ, સંબંધો, કુટુંબો, નોકરીના સ્થળ પર સાથે કામ કરતા સહકર્મચારીઓ આ તમામની વચ્ચે એક સુંદર બેલેન્સ (balance) જાળવીને જીવીશું તો યૌવનને વધુ સમય સુધી ચોક્કસ ટકાવી શકીશું.

**Last Seen :**

**"આભના તારા મલકે હજી,**
**આંખના છેડા છલકે હજી,**
**એકની પાછળ એક, સલૂણી**
**ગીતની કડી આવતી હજી;**
**એ જ અધૂરપ માણશું, અમે**
**એ જ મધુરપ સીંચતા થશું !"**

- nehalgadhavi101@gmail.com

# ભારતની આઝાદીનો સમય બદલીને મધરાતનો કરાયો હતો

ક્યારેક ભારતીય વડા પ્રધાનો પણ ભારતના પ્રજાસત્તાક દિવસ અને આઝાદીના દિવસમાં ગોટાળા કરી બેસે છે એટલે ભારતીય પ્રજાસત્તાક દિવસ ૨૬ જાન્યુઆરી આવવામાં છે ત્યારે આઝાદી અને પ્રજાસત્તાક ભારતની કેટલીક રસપ્રદ વાતો છેડવાનું મન થાય એ સ્વાભાવિક છે. સાથે જ પાકિસ્તાનમાં પણ આજે ચર્ચા છે કે એની સ્થાપના કે આઝાદીનો દિવસ ૧૪ ઓગસ્ટ ગણાય કે ભારતની જેમ જ ૧૫ ઓગસ્ટ? પ્રત્યેક ૧૫ ઓગસ્ટ ભારતીય નાગરિકો માટે આઝાદીની પ્રાપ્તિના ગૌરવ અને સ્વાભિમાનની અનુભૂતિ કરાવે છે. દીર્ઘકાલીન ગુલામીમાંથી સ્વમાનભેર મુક્તિ માટેની લાંબા ગાળાની લડતને અંતે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ ઈન્ડિયાના વિભાજનની વેદના છતાં આઝાદી આવ્યાનો હરખ થવો સ્વાભાવિક હતો. ભાગલાની દરખાસ્તનો સ્વીકાર પોતાના બે મુખ્ય સાથીઓ સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નેહરુએ કરી લીધા પછી વ્યથિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દિલ્હીની ઉજવણીમાં સામેલ થવાને બદલે દૂર નોઆખલીમાં કોમી આગને ઠારવાની કોશિશમાં રમમાણ હતા.

જોકે ભારત આઝાદ થયું એ પહેલાં એની બંધારણ સભાએ બંધારણ ઘડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી અને ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ મંજૂર કરાયેલું બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં લાવવાનો નિર્ણય કરીને ૨૬ જાન્યુઆરીને પ્રજાના હાથમાં સત્તાની સોંપણી કરવાના સંકલ્પ સાથે એને પ્રજાસત્તાક દિવસ તરીકે મનાવવાનું નક્કી કરાયું હતું. પવિત્ર રમજાન મહિનામાં જ ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ છેલ્લા વાઈસરોય લોર્ડ લુઈસ માઉન્ટબેટને કરાંચી જઈને મુસ્લિમો માટેના અલગ રાષ્ટ્ર પાકિસ્તાનનો હવાલો નવા વરાયેલા ગવર્નર-જનરલ કાઈદ-એ-આઝમ મોહમ્મદ અલી ઝીણાને સુપરત કરવાનું કબૂલ્યું હતું. બીજે દિવસે એટલે કે ૧૫ ઓગસ્ટે સવારે દસ વાગ્યે દિલ્હીમાં બંધારણ સભાના ખંડમાં ભારતની આઝાદીનો જલ્લોસ મનાવાય એવું ઠરાવાયું હતું.

જોકે જ્યોતિષીઓને આ મુહૂર્ત બરાબર લાગતું નહોતું, એવું સરદારનિષ્ઠ કેન્દ્રીય પ્રધાન અને સર્જક ક.મા. મુનશી પણ નોંધે છે. પંડિત નેહરુ ભલે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાના આગ્રહી હોય, ડો. રાજેન્દ્ર



પ્રસાદ જેવા અનેકોને જ્યોતિષમાં ભારે શ્રદ્ધા હતી. સંયોગવસાત્ આઝાદી મળવાનો સમય આગલી મધરાતનો થયો અને એ માટેનું નિમિત્ત બન્યા સરદાર કવલમ માધવ (કે.એમ.) પણિક્કર. તેઓ બંધારણ સભાના સભ્ય તો હતા, પણ અગાઉ 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના તંત્રી રહ્યા. જમ્મૂ-કાશ્મીર, જોધપુર, કચ્છ સહિતના કેટલાક મહારાજાઓના સલાહકાર અને વિવિધ દેશોમાં ભારતીય રાજદૂત પણ રહ્યા.



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

### કાયદા મુજબ આઝાદીનો સમય

સરદાર પણિક્કર આત્મકથામાં નોંધે છેઃ 'ભારતની આઝાદી માટે ૧૫ ઓગસ્ટનો દિવસ નિર્ધારિત કરાયો હતો. મને એની જાણ થઈ ત્યાં લગી તો મોટાભાગના ઉજવણી કાર્યક્રમો નક્કી થઈ ચુક્યા હતા. ઠરાવાયેલા મૂળ કાર્યક્રમ મુજબ, લોર્ડ માઉન્ટબેટન ૧૫મીની સવારે દસ વાગે બંધારણ સભાના ખંડમાં પહોંચીને ઔપચારિક રીતે ભારતને આઝાદીની ઘોષણા કરવાના હતા. એ પછી તરત એ ભવન પર ત્રિરંગો લહેરાવવાનો હતો. મારી દૃષ્ટિએ આ બરાબર નહોતું.' પણિક્કરની દૃષ્ટિએ બ્રિટિશ સંસદે પસાર કરેલા ભારત સ્વાતંત્ર્ય ધારા - ૧૯૪૭ની જોગવાઈ મુજબ, ભારતમાં બ્રિટિશ સત્તાની સમાપ્તિ ૧૪ ઓગસ્ટની મધરાતે જ થવાની હતી. પાકિસ્તાન માટે પણ એ જ જોગવાઈ હતી. એવા સંજોગોમાં બ્રિટિશ હકૂમત સમાપ્ત થાય ત્યારે જ ભારતે સત્તા સંભાળી લેવી ઘટે. એમણે સરોજીની નાયડુને વાત કરી. એમને પણિક્કરની વાતમાં વજૂદ લાગી તો ખરી, પરંતુ બધો કાર્યક્રમ નક્કી થઈ ગયો હોવાથી નેહરુનો સંપર્ક કરવા જણાવ્યું. પણિક્કરે બીજા કેટલાકને વાત કરી જોઈ તો એમણે તો આખી વાતને હળવાશથી જ લીધી.

### સરદાર-મૌલાના માટે પથારીની વ્યવસ્થા

બંધારણ સભામાં પંડિત નેહરુને ચબરકી મોકલવા સિવાય પણિક્કર પાસે બીજો વિકલ્પ નહોતો એટલે તેમણે પોતાની દરખાસ્તની નાનકડી નોંધ સાથેની ચબરકી પાઠવી. બેરિસ્ટર નેહરુને ગળે વાત ઊતરી. એમણે પણિક્કરને બોલાવીને એ બાબત એકદમ વાજબી હોવાનું જણાવ્યું. સાથે જ પોતાની એક મૂંઝવણ પણ પણિક્કર સમક્ષ રજૂ કરતાં હવે કાર્યક્રમમાં ફેરફાર કરવાનું લગભગ અશક્ય હોવાની વાત પણ છેડી. જોકે નેહરુની મૂંઝવણનો ઈલાજ સરદાર પણિક્કર પાસે હતો એટલે એમણે એ ઈલાજ પણ વિચારી પંડિત નેહરુને જણાવ્યો.

નેહરુ પણિક્કરની વાત સાથે સો ટકા સંમત હતા, પણ એમના પ્રધાનમંડળના બે સભ્યોને લગતી મૂંઝવણ એમને સતાવતી હતી. એમણે પણિક્કરને કહ્યુંઃ 'મને તમારું સૂચન ગમ્યું, પણ મારા બે સાથીઓ રાતે નવ વાગતાં જ સૂઈ જવાની ટેવ ધરાવે છે.' એ બંને સાથીઓ એટલે સરદાર પટેલ અને મૌલાના અબુલ કલામ આઝાદ! કાર્યક્રમ તો મધરાતે શરૂ થાય અને થોડો લાંબો ચાલે તો શું થાય, એ વાતે નેહરુ દ્વિધામાં હતા. જોકે સામે પક્ષે પણિક્કર પણ હાજરજવાબી બિરબલ હતા. એ કહેઃ 'તમે એની ચિંતા કરો મા. હું બધું સંભાળી લઈશ. સંસદ ગૃહમાં જ એમના માટે બે પથારીની વ્યવસ્થા રાખીશ.' બીજે દિવસે નેહરુએ પણિક્કરને બોલાવીને કહ્યું કે કેબિનેટે તેમના સૂચનને માન્ય રાખ્યું છે. કેબિનેટ કમિટિએ વિગતો તૈયાર કરવા માટે પણિક્કરને નિમંત્રણ પણ આપ્યું. આ રીતે ભારતની બંધારણ સભાની બેઠક પણિક્કરના સૂચનને પગલે મધરાતે મળી અને આઝાદી પણ અડધી રાતે આવી. દીવાન ચમનલાલે બંધારણ સભામાં જ પોતાના ભાષણમાં પણિક્કરનો આ સંદર્ભમાં ઉલ્લેખ કર્યો હતો, જયારે ક.મા. મુનશીએ પોતાના ગ્રંથ 'પિલ્ગ્રીમેજ ટુ ફ્રીડમ' અને 'કુલપતિના પત્રો'માં મધરાતે આઝાદી માટેના સત્રનું સૂચન પણિક્કરનું હોવાનું નોંધ્યું છે.

- haridesai@gmail.com